# 'મન' જ અંધકાર કે તેજનું મૂળ છે



કેટલીક વાર તો આપણે અંધકાર અને તેજની દ્વિધામાં અટવાયા કરીએ છીએ. અનિર્ણાયક આપણું મન ઘણી વાર શૂન્યાવકાશ પણ સર્જી બેસે છે અને ત્યારે આપણે જીવનના ખાલીપણાને અંધકારથી ભરી દેવાની ભૂલ કરી બેસીએ છીએ. વાસ્તવમાં તો આ આપણી જાત સાથેની છેતરપિંડી છે. અંધકાર સર્વ પ્રથમ તો આપણા મનમાં ઊગે છે અને જે માનવી અંધકારને વાવે છે તે અંધકારનો જ પાક લઇ શકે છે કારણ કે મનમાં ઊગેલું જ કર્મની ભૂમિમાં ઊગવા લાગે છે. આમ 'મન' જ અંધકાર કે તેજનું મૂળ છે.

સર્વશાસ્ત્ર શિરોમણિ ગીતામાં કહ્યું કે જે જ્યારે-જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે પરમાત્મા શિવ સ્વયમ આ ધરા પર દિવ્ય જન્મ ધારણ કરે છે. મનુષ્ય આત્માઓને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાન પ્રકાશ તરફ લઈ જાય છે. એટલે જ પ્રાર્થનામાં ગવાયું છે કે 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈજા'. વર્તમાન સમય હળાહળ કળયુગનો સમય ચાલી રહ્યો છે. સ્વસ્થ ચિત્તે વિચારતાં જણાય છે કે આ પરિસ્થિતિના મૂળમાં ઈશ્વરીય જ્ઞાનનો અભાવ, સદગુણોની ખામી માનવ-માનવ વચ્ચે જોવામાં આવે છે. જીવનવ્યવહારમાં આ ખામીઓને લીધે વેર-ઝેર, નફરત, કટુતા, હિંસાના વાવેતરો ઊગે છે.

સત્યમ્-શિવમ્-સુંદરમ્ પરમાત્મા શિવ જે સ્વયમ તેજોમય છે, જ્ઞાનના સાગર છે, પ્રેમના સાગર છે, પવિત્રતાના સાગર છે, જે બુધ્ધિવાનોના બુધ્ધિવાન છે. તેઓ સ્વયમ સર્વ મનુષ્ય આત્માઓને ઈશ્વરીય જ્ઞાનના તેજથી બુધ્ધિવાન બનાવતા આવી ચૂક્યા છે.

માનવી જ્યાં સુધી મનના નિરર્થક ખોટા વિચારોને ફગાવી ન દે ત્યાં સુધી સારા વિચારો મનમાં સ્થાન પામતાં નથી. જ્યાં સુધી અંધકાર છે - અહંકાર છે ત્યાં સુધી જ્ઞાનરૂપી તેજ કેવી રીતે પ્રગટી શકે? કામ-ક્રોધ-લોભ-મોહ-સ્વાર્થ-દ્વેષ, નફરત-ઘૃણા આ બધા અંધકારનાં જ વિવિધ રૂપો છે. આપણા સુખને લકવો લાગી જશે. જે હકીકતમાં મિથ્યા સુખ છે, સાચું સુખ નથી. જીવનમાં આવા દુર્ગુણો જ અંધકાર બની આપણી આસપાસ ભ્રમણાની જાળ ગૂંથે છે. સ્વાર્થને એ સુખ ગણાવે છે. સામાન્ય સંબંધોને સ્નેહમાં ખપાવે છે. અસત્યને ધર્મ મનાવે છે અને કુરૂપતાને સુંદરતામાં ખપાવે છે.

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

અજ્ઞાન-અંધકાર અને પરમ તેજનો જીવનમાં પ્રભાવ કેવો પડે છે એ વાતને આપણે દ્રષ્ટાંતથી સમજીએ - એક નગરના રાજાએ સંતશિરોમણિ એવા સંતને પૂછ્યું કે હે! ગુરુ મને ત્રણ પ્રશ્નોનો જવાબ આપ આપશો તો મારા મનનું સમાધાન થઈ શકે. સંતે રાજાને કહ્યું કે આપના ત્રણ પ્રશ્નો ક્યા ક્યા છે તે મને કહો. રાજાએ ત્રણ પ્રશ્નો કહ્યા તેમાં પહેલો પ્રશ્ન એ છે કે જીવનમાં 'છે-છે' એટલે શું? બીજો પ્રશ્ન 'છે-નથી' એટલે શું? અને ત્રીજો પ્રશ્ન છે કે 'નથી -નથી'' એટલે શું? રાજાના ત્રણ પ્રશ્નો સાંભળી સંતે ઉત્તર આપ્યો કે હે! રાજન જેનો જીવનવ્યવહાર પૂરેપૂરો અજ્ઞાન-

**માનવી જ્યાં સુધી મનના નિરર્થક ખોટા વિચારોને ફગાવી ન દે ત્યાં સુધી સારા વિચારો મનમાં સ્થાન પામતાં નથી**

અંધકારથી ભરેલો છે તે દુરાચારી, પાપાચારી અને વ્યસની જીવાત્માઓ હંમેશાં સાચા જ્ઞાનના અભાવે સાચી સુખ-શાંતિથી દૂર રહે છે. એટલે એવો માનવ જીવન જીવવા છતાં 'નથી-નથી' જેવો છે. રાજાના બીજા પ્રશ્નનો ઉત્તર આપતાં સંતે કહ્યું કે જે માનવી અંધકારને છોડી શકતો નથી અને પરમ તેજને પામવા માટે પુરૂષાર્થ કરતો નથી, જે દ્રવ્યથી ભલે સુખી હોય પણ મનથી અને તનથી દુ:ખ અનુભવતો હોય એનું જીવન 'છે-પણ અને નથી પણ.' રાજાના ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપતાં સંતે કહ્યું કે જે માનવીએ તેના જીવનમાંથી પૂરેપૂરો અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી દીધો છે અને પ્રભુના પરમ તેજને દિવ્ય નેત્રોથી ઓળખી લીધો છે. ઈશ્વરીય જ્ઞાનને, પ્રભુ પિતાના વરદાની સદ્ગુણોને અને પરમાત્માની શકિતને ધારણ કરી રહ્યા છે એવા માનવીઓ પરમાત્મા સુખને જીવનમાં અનુભવી રહ્યા છે. તેઓનું જીવન 'છે-છે ને-છે.' રાજન આ તમારા ત્રીજા પ્રશ્નનો ઉત્તર. આ સાંભળી રાજાના મનનો પણ થોડો ઘણો અજ્ઞાન અંધકાર હતો તે પણ ઓગળી ગયો અને પરમ તેજોમય પ્રભુપિતાનો સત્સંગ કરવા લાગ્યા.

મિત્રો, આપણે આપણી બુધ્ધિથી સ્વયમ નિર્ણય કરવાનો છે કે આપણું જીવન અજ્ઞાન-અંધકારમાં પૂરું કરવું છે કે પ્રભુના તેજનો અર્થાત્ જ્ઞાન પ્રકાશનો અનુભવ કરવો છે ? આપણા જીવનમૂલ્યોને તેજોમય બનાવવા હોય તો અંધકારના પડછાયાથી પણ દૂર રહેવું પડશે. ત્યારે પ્રભુના જ્ઞાનનો સત્સંગ કરતાં-કરતાં સુખ-શાંતિનો સાચો આનંદ અનુભવાતો જશે. ચાલો, આપણે આપણા સહપરિવારને સાથે લઈને પ્રભુના પ્રેમના પરમ તેજ તરફ પ્રયાણ કરીએ એવી શુભ ભાવના સાથે ઓમ શાંતિ...

---




ગત અંકમાં કાર્યમાં અભિરતિના લાભ જણાવીને હવે ભગવાન કૃષ્ણ સિદ્ધિ પાછળની અંતર-પ્રેરણાને સમજાવી રહ્યા છે. અમારા ગામના એક શાંત સ્વભાવના શિક્ષક હતા મનહરભાઈ! ક્યારેય જાહેર સભામાં બોલવાની હિંમત ન કરી શકતા. ગામની શાળામાં બાળકોને ભણાવવું, એ જ એમનું વિશ્વ. એક વર્ષ શાળાએ નક્કી કર્યું કે આગામી કાર્યક્રમમાં સંચાલન તેઓ જ કરશે. આ કાર્યક્રમમાં જિલ્લાના શિક્ષણ ખાતાના વરિષ્ઠ અધિકારીઓ આવવાના હતા. મનહરભાઈએ તરત કહ્યું, "હું નથી કરી શકતો." પણ કામ તેમના પર જ આવ્યું.

એ સાંજે વ્યાકુળ મનહરભાઈ ઘરે આવ્યા. દિલની અંદર એક અજાણી કંપારી અને જાણે કોઈ ભાર- "આ કામ હું કેવી રીતે કરું?" એ પ્રશ્ન વાદળની જેમ મનમાં ઘેરાતો. અંતે શાંત પ્રાર્થના કરી: "ભગવાન, હું તો અસમર્થ છું જો આ કામ મારે કરવાનું હોય, તો હિંમત આપજો." બીજા જ દિવસે મનમાં થોડી શાંતિ આવી. શબ્દો ગોઠવાતા ગયા, અંદરથી જાણે કોઈ સૂક્ષ્મ વિશ્વાસ મળતો ગયો.

કાર્યક્રમના દિવસે મંચ પર ઊભા થયા ત્યારે પહેલી બે ક્ષણે કંપારી હતી, પણ પ્રથમ વાક્ય બોલ્યા પછી જાણે હૃદયને સંભળાતું ગયું, "તમે એકલા નથી." સંચાલન સરસ રીતે પૂરું થયું. કાર્યક્રમ બાદ જિલ્લા અધિકારીએ કહ્યું, "તમારું સંચાલન અત્યંત સશક્ત અને પ્રભાવશાળી હતું." મનહરભાઈ આશ્ચર્યમાં પડ્યા, "સશક્ત? હું?"

ઘરે જતાં મનહરભાઈને એક વાત સમજાઈ, 'હું તો ખરેખર અસમર્થ હતો; કામ તો મારી અંદર રહેલા અંતર્યામીની પ્રેરણાથી જ થયું.'

હા, ગીતા કહે છે કે આપણી કાર્યસિદ્ધિના સૌથી મોટા પ્રેરક અંતર્યામી ભગવાન છે. આ વાત માનવ જીવનના અનુભવોમાં ઘણી વખત સાબિત થાય છે. મનુષ્ય પ્રયાસ કરે છે, સંકલ્પ કરે છે, દોડધામ કરે છે, પણ આ બધાના આડે ક્યાંક કોઈ આંતરિક આલોક, કોઈ નિ:શબ્દ દોરી છે, જે આપણને યોગ્ય દિશામાં ખેંચી જાય છે. મનમાં ઉત્પન્ન થતી એક નિર્મળ પ્રેરણા, યોગ્ય સમયે મળતો સંકેત અથવા અનુકૂળ પરિસ્થિતિનું અચાનક સર્જન, આ બધું માત્ર સંજોગો નથી; એ અંતર્યામી ભગવાનનો નિર્દોષ હસ્તક્ષેપ છે. જીવનનાં અનેક સંધિસ્થળે આપણે અનુભવ્યું હોય છે કે "મારી પાસે એટલું કૌશલ્ય નહોતું, છતાં કામ બની ગયું; મારી પાસે એ હિંમત નહોતી, છતાં શબ્દો નીકળી ગયા; મારી પાસે માર્ગ ન હતો, છતાં પગલું પડે ત્યાં પથ પથરાતો મળ્યો." આ અજાણી કૃપા, આ આંતરિક માર્ગદર્શન, એના મૂળમાં જ તો એ અદૃશ્ય શિલ્પકાર છે.

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

ભગવાન અંતર્યામી છે એટલે એ આપણા અંતરમાં વસે છે. એ આપણા દરેક વિચારના સાક્ષી છે, દરેક ઇરાદાના મૌન અનુવાદક છે. જ્યારે માણસનું હૃદય નિષ્કલંક સંકલ્પથી નભે છે, ત્યારે એ આંતરિક શક્તિ કામને પૂર્ણતા બક્ષે છે. જ્યારે માણસ સમજે કે "આ મારું નથી; આ મારું કરેલું નથી; આ તો મારી અંદર રહેલી દૈવી શક્તિનું અમૃત-સંચરણ છે." આ સમજ માણસને અહંકારથી બચાવે છે અને ઉત્તમ કાર્ય કરતાં વધુ ઉત્તમ વિચાર આપે છે.

મનુષ્યનો પ્રયાસ અને ભગવાનની પ્રેરણા, બંને મળીને જે સૃષ્ટિ રચાય છે તેને જ કાર્યસિદ્ધિ કહે છે. માત્ર પ્રેરણા કામ નથી કરતી અને માત્ર પ્રયત્ન પૂરતો નથી પડતો. પ્રયત્ન વગર પ્રેરણા અર્ધી છે; પ્રેરણા વગર પ્રયત્ન અંધ છે. બંનેની સમતોલ સાધના જ જીવનને ઉજ્જવળ બનાવે છે. દરેક નાની મોટી સિદ્ધિના પાછળ એક મૌન આશીર્વાદ છે અને એ આશીર્વાદ અંતર્યામીના છે. માણસે હાથ ચલાવવો જોઈએ, પણ હૃદયે કૃતજ્ઞ રહેવું જોઈએ; માણસે વિચાર કરવો જોઈએ, પણ ભાવના ભગવાનને અર્પણ કરવી જોઈએ.

**જીવનની દરેક સફળતા પછી થોડી ક્ષણ માટે આંખ મીંચીને જો જોઈએ તો ભગવાનની કૃપા દેખાયા વગર રહે જ નહીં!**

જ્યારે માણસ સમજે છે કે "હું સાધન છું, કારણ કે પરિણામ નહીં," ત્યારે કાર્યમાં ચમત્કાર ઊતરવા લાગે છે. એ સમજમાં ગર્વ ઘટે છે, કરુણા વધે છે અને કામની ગુણવત્તામાં એક નવાં તેજ ઉમટે છે. અંતર્યામીની પ્રેરણા એ કોઈ ચમત્કારી ઘટના નથી; એ તો શાંત પ્રકાશ છે, જે સતત આપણાં મનને સમતોલ રાખે છે, બુદ્ધિને સ્વચ્છ રાખે છે અને ઇરાદાને પવિત્ર રાખે છે. જીવનમાં એવી કોઈ ક્ષણ આવતી નથી જ્યાં એ આપણા પાસેથી દૂર જાય. આપણે જ પોતાના અહંકારથી એની પાસેથી દૂર થઈએ છીએ.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે જીવનની દરેક સફળતા પછી થોડી ક્ષણ માટે આંખ મીંચીને જો જોઈએ તો ભગવાનની કૃપા દેખાયા વગર રહે જ નહીં! આ કૃપા દેખાય ત્યાં જ આપણો અહંકાર ઓગળવા લાગે છે અને કૃતજ્ઞતા પ્રકટ થવા લાગે છે.